# ઊંઝામાં જૂની અદાવતમાં એક યુવક પર ફાયરિંગની ઘટના

**મહેસાણાના ઊંઝામાં જૂની અદાવતમાં એક યુવક પર ફાયરિંગની ઘટના બની હતી : ઘટનાની નોધાયેલ ફરિયાદ મુજબ અગાઉનું પ્રેમ પ્રકરણમાં ફેસબુક પર બદનામી કરવાની**

ઊંઝા, તા.૧૯

ઊંઝામા ૧૮ નવેમ્બરે મોડી રાત્રે એક યુવક પર ફાયરિંગની ઘટનાએ ચકચાર મચાવી છે. ઉંઝા પોલીસ મથકે કુલ ત્રણ ઈસમો વિરુદ્ધ ફરીયાદ નોધાવાયેલ છે. ફરિયાદી યુવતીની ફરિયાદ મુજબ આરોપી ફૈજદિનએ યુવતીને પોતાની પ્રેમજાળમાં ફસાવી અને તે વિદેશ જતો રહ્યો હતો. બાદમાં તેને સંબંધ નહિ રાખતા તેને ફેસબુક પર બદનામી કરેલી. જેની ફરિયાદ યુવતીએ ઉંઝા પોલીસ મથકે નોધાવી હતી. જેની અદાવત રાખીને ફૈજદિનની માતા સીદીકાબીબી યુવતીના મામાના ઘરે પહોચી હતી અને યુવતીને તેના દીકરા ફૈજદિનની થવા માટે ધમકી આપેલ હતી. ત્યારે ફૈજદિનને ઉશ્કેરીને યુવતીના ઘરે ફરીથી મોકલીને યુવતીનું અપહરણ કરવા ફરિયાદીના ઘરના સભ્યોને રીવોલ્વોર બતાવી ગોળી મારવાની ધમકી આપી હતી અને યુવતીને તેના ઘરમાંથી ધસડી ને લઈ ગયેલ હતા. ત્યારે તેનો ભાઈ યુવતીને છોડાવવા જતા તેની પર ફૈજદિનએ રીવોલ્વર કાઢીને ગોળી મારી ઈજાઓ પહોચાડી હતી. જેને તાત્કાલિક અમદાવાદ સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. સદનસીબે તેની હાલત સુધારા પર છે. આ સમગ્ર મામલે ફૈજદિન સૈયદ, તેની માતા સીદીકાબીબી અને અન્ય એક બાઈક ચાલક વિરુદ્ધ ઉંઝા પોલીસ મથકે ફરિયાદ નોધાતા પોલીસે તપાસ હાથ ધરી છે. હાલ માં આરોપી ફરાર છે તેમ લક્ષ્મણભાઈ, પી એસ ઓ, ઉંઝા પોલીસ સ્ટેશન એ જણાવ્યું હતું.

**થયેલ ફરિયાદની અદાવતમાં યુવતીના ભાઈ પર ફાયરીંગ કરનાર શખ્સ સહીત એક મહિલા અને એક અજાણ્યા બાઈક ચાલક વિરુદ્ધ ગુનો ઊંઝા પોલીસ મથકમાં શનિવારની રાત્રીએ નોધવામાં આવ્યો છે**

# પાટીદાર સંકલન સમિતિએ ભાજપને સમર્થન કર્યું

મહેસાણા, તા.૧૯

મહેસાણા જિલ્લામાં આજે ઉલટી ગંગા જોવા મળી. જેમાં પાટીદાર સકલન સમિતિના નેજા નીચે ભાજપને સમર્થન રેલી બાદ સભા કરવા માં આવી હતી. જેમાં ગુજરાતના ખ્યાતનામ પાટીદાર સમાજના અગ્રણીઓ દ્વારા મહેસાણામાં સમર્થન ભાજપ અને ડેપ્યુટી સી.એમ ને મળ્યું હતું જેમાં નીતિન પટેલના પ્રચારમાં પ્રથમ તબક્કામાં જ હુકમનો એકો ઉતારતા હાલમાં આ પાટીદારના સમર્થને કોંગ્રેસની પોલ ખોલી નાખી હતી તો નીતિન પટેલે કોગ્રેસ પર આકરા પ્રહારો કાર્ય હતા.

મહેસાણા જિલ્લામાં આજે ભાજપ માટે શુભ સંકેતો મળ્યા હતા. લાલજી પટેલ દ્વારા ભાજપને સમર્થન મળ્યું ન હતું અને કોગ્રેસને પણ નહી સમર્થન લાલજી પટેલ દ્વારા મળ્યું ન હતું પરતું હાર્દિક પટેલ દ્વારા ભાજપ વિરોધનું વાતવારણ ખડું થવા ગયું હતું ત્યારે પાટીદાર સમાજ માટે ત્રીજા મોરચા તરીકે ભાજપને સમર્થન મળે તે હેતુ એ પાટીદાર સંકલન સમિતિ જે પાટીદાર સમાજના ઉત્થાન માટે



વર્ષોથી ત્રીજી પાંખ તરીકે કામ કારે છે આજે તેને ખુલીને સમર્થન જાહેર કાર્યુ હતું. પી.એસ.એસ. તરીકે કામ કરતી પાટીદાર સંકલન સમિતિએ આજે પ્રથમ મહેસાણા સર્કલથી એક ભવ્ય રેલી સમગ્ર મહેસાણામાં ફરીને એક સભાનું આયોજન કર્યું હતું જેમાં ખ્યાતનામ પાટીદાર સમાજના આગેવાનોએ હાજરી આપીને ભાજપને સમર્થન આપ્યું હતું અને ભાજપ સાથે હાથ મિલાવ્યો હતો જેમાં નીતિન પાટેલ ડેપ્યુટી સી.એમ.એ કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા અને કોંગ્રેસ ૧૪ તારીખ બાદ હાર્દિકનું નામ બોલાયા વિના સમર્થન નહી આપે તેમ જણાવ્યું હતું અને કુણીએ ગોળ કોંગ્રેસે આપ્યો છે અને તે પણ બંને કુણી એ આપ્યો છે તેમ કહ્યું હતું અને તેમાં કપિલ સિબ્બલ પણ સામેલ છે તેમ કટાક્ષ કરીને ભાજપ સાથે હવે લોકો સમજણપૂર્વક આવી રહ્યા છે તેમ નીતિન પટેલે જણાવ્યું હતું. આમ તો ભાજપ માટે મહેસાણા એ સિક્યોર સીટ ગણવામાં આવે છે. આ એ જ મહેસાણા છે જ્યાં ભાજપની પ્રથમ સીટ સમગ્ર ભારતને માડી હતી અને આ એ જ મહેસાણા છે જ્યાં લોકોને રાહ ચિંધાઈ ને અનામત આંદોલન શરુ કાર્યુ હતું ત્યારે આ જ મહેસાણામાં ડેપ્યુટી સી.એમ. નીતિન પટેલના કામને લઈને ફરીવાર મહેસાણામાં રીપીટ કાર્યુ હતું જેને પગલે પાટીદારની નાક ગણતા નીતિન પટેલને પાટીદાર સંકલન સમિતિએ આજે ખુલીને બહાર આવીને સમર્થન કર્યુ હતું. જે પગલે આજે પ્રચારના પ્રથમ શ્રીગણેશની શરૂઆતમાં જ પાટીદાર સમાજની આ જંગી સભાએ કોંગ્રેસની બોલતી બંધ કારી નાખી હતી અને હુકમનો એકો બહાર કરીને નીતિન પટેલે વડીલો અને યુવાનોના આ કાર્યને બિરદાવી હતી ત્યારે હાર્દિક અને કોગ્રેશ એક બીજાનો રસ કાઢવા બેઠા છે તેમ જણાવ્યું હતું તો પાટીદાર સંકલન સમિતિએ ભાજપને ખુલીને સમર્થન કાર્યુ છે તેનું કારણ વિકાસ છે તેમ પાટીદાર સમાજના અગ્રણીએ જણાવ્યું હતું.





## કાંકરેજ યુથ કોંગ્રેસ દ્વારા પાદરડી ગામે સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના પાદરડી ગામે કાંકરેજ યુથ કોંગ્રેસના પ્રમુખ ભરતજી લેબુજી ઠાકોર દ્વારા કોંગ્રેસ કાર્યકરો, પદાધિકારીઓનું સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કાંકરેજ ધારાસભ્ય ધારસીભાઈ ખાનપુરા, દિનેશ ઠક્કર (પ્રમુખ કાંકરેજ તાલુકા કોંગ્રેસ) અમરતજી ઠાકોર (કોંગ્રેસ અગ્રણી), ભુપતાજી ઠાકોર, ખેતુભા વાઘેલા, કાનજી સોલંકી (કંબોઈ) લેબુજી ઠાકોર સહિત કોંગ્રેસના મોટી સંખ્યામાં જિલ્લા અને તાલુકાના પદાધિકારીઓ સહિત મોટી સંખ્યામાં સરપંચો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં રિટાયર્ડ પીએસઆઈ, બી.સી. ઠાકોર દ્વારા ધારસીભાઈને હવે તમો પડતુ મુકો અને નવા ઉમેદવારને મુકો શબ્દનો ઉપયોગ કરાતા મામલો ગરમાયો હતો. જો કે કાંકરેજ ધારાસભ્ય ધારસીભાઈએ તમામ નિર્ણયનો દિલ્હી હાઈ કમાન્ડ કરશે તે માન્ય રાખશે. જેથી કરી અમરતજી ઠાકોર તથા લેબુજી ઠાકોરે લોકોને સમજાવી મામલો થાળે પાડ્યો હતો.

## મોડાસાના ગઢડા પાસેથી ૨.૬૪ લાખનો વિદેશી દારૂ પકડાયો

મોડાસા, તા. ૧૯

મોડાસા રૂરલ પોલીસે રાજેન્દ્રનગર પોલીસ ચોકી પાસે આવેલા ગઢડા ગામની સીમમાંથી રવિવારે સવારે ૮ વાગ્યાના સુમારે આયશર મીની ટ્રકમાં દવાના બોક્સ ની આડમાં સંતાડી ને લવતો ૨.૬૪ લાખનો વિદેશી દારૂ સહીત ૮૨.૩૦ લાખનો મુદ્દામાલ ઝડપી પાડી ટ્રક ચાલકની ધરપકડ કરી અન્ય પોલીસ ચેકીંગ દેખી ફરાર થઈ ગયેલા ૨ શખ્સોની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતા.



## પ્રાંતિજ બેઠક પર ભાજપ દ્વારા યુવા ઉમેદવારનું નામ જાહેર કરતા આવકાર

ભાજપ દ્વારા બીજી ૩૬ ઉમેદવારોની યાદીની જાહેરાત કરવામાં આવી છે. જેમાં ૩૩ વિધાનસભાના પ્રાંતિજ-તલોદના ઉમેદવાર તરીકે ૩૯ વર્ષના યુવાન પરમાર ગજેન્દ્રસિંહ ઉદેસિંહનુ નામ જાહેર કરવામાં આવ્યું છે. તો નામ જાહેર થતાં તેમણા ઘરે સમર્થકો ની ભીડ જોવાં મળી હતી. પ્રાંતિજ- તલોદ વિધાનસભાના ઉમેદવાર તરીકે ભાજપ દ્વારા આ વખતે વર્ષો પછી તલોદ ખાતે ટીકીટ આપવામાં આવી છે. જેમાં તલોદ તાલુકાનાં વકતાપુર ખાતે રહેતાં પરમાર ગજેન્દ્રસિંહ ઉદેસિંહને ૩૯ વર્ષની ઉમરે ટીકીટ આપવામાં આવી હતી. તો ટીકીટ મળતા વકતાપુર ખાતે ગજેન્દ્રસિંહના ઘરે તથા સંગાસંબધીઓ સહિત ભાજપ કાર્યકરોની ભીડ જોવા મળી હતી. તેમના ઘરે તથા ગામમાં દિવાળી જેવો ઉત્સાહ જોવા મલ્યો હતો અને તેમના ઘરે સમર્થકોની ભીડ જોવા મળી હતી અને તેવોને અભિનંદન પાઠવવામાં આજુબાજુના ગામમાંથી તથા ભાજપ કાર્યકરોની ભીડ જોવા મળી હતી.

# મોડાસામાં અરવલ્લી જિલ્લા સહકારી સંઘનો ૬૪મો સહકાર સપ્તાહ સંપન્ન

મોડાસા, તા.૧૯

અરવલ્લી જિલ્લામાં આજે રવિવારે મોડાસામાં વલ્લભસદન ખાતે જિલ્લા સહકારી સંઘનું ૬૪ મુ સહકાર સપ્તાહ ભારે ઉલ્લાસપૂર્વક સંપન્ન થયું હતું. જેમાં ગ્રામ્ય, તાલુકા અને જિલ્લાની વિવિધ સહકારી સંસ્થાઓના સહકારી આગેવાનો, પદાધિકારીઓ, ચેરમેનો, સેક્રેટરીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અરવલ્લી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલના પ્રમુખ સ્થાને યોજાયેલ આ સહકાર સપ્તાહનું સાંસદ દિપસિંહ રાઠોડે દીપ પ્રગટાવી ઉદઘાટન કર્યું હતું. તેમણે અરવલ્લી જિલ્લા સહકારી સંઘની પ્રગતિને બિરદાવી હતી અને આ સહકારી સંસ્થા ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

ગુજરાત સ્ટેટ કો.ઓ.મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના ચેરમેન અને સાબરડેરીના ચેરમેન જેઠાભાઈ પટેલે જિલ્લાના સહકારી સંઘને બિરદાવવા સાથે સાબરડેરી દ્વારા દૂધ ઉત્પાદકોને તેમના દૂધના ભાવ વધારતા રહેશું તેમ જણાવી કોઈપણ સંજોગોમાં દૂધના ભાવ ઘટાડાશે નહિ બલ્કે હજુ પણ વધુ સારા ભાવો મળે તે દિશામાં સાબરડેરી સંકલ્પબદ્ધ છે અને દૂધ ઉત્પાદકોને વધુ પોષણક્ષમ ભાવ મળે તેની ચિંતા સતત કરતા રહીશુ તેવી તેમણે ખાત્રી આપી હતી.

સાબરકાંઠા જિલ્લા સહકારી બેંકના ચેરમેન મહેશભાઈ પટેલે બેંક દ્વારા સરકારની વિવિધ લોકકલ્યાણની યોજનાઓ, મામૂલી દરે મળતું વીમા કવચ સહિતની અનેક બાબતોથી સહકારી કાર્યકરોને વાકેફ કર્યા હતાં.

આ પ્રસંગે ઉપસ્થિત ઉત્તરપ્રદેશના મંત્રી ડૉ. મહેન્દ્રસિંહએ સહકારી પ્રવૃત્તિઓ વિશે ઊંડો પ્રકાશ ફેંક્યો હતો. તેમણે ભારતીય સંસ્કૃતિની વિશે પણ અણમોલ વિગતો આપી મનનીય ઉદબોધન કર્યું હતું. ઉપસ્થિત સહુ કાર્યકરો તેમના વક્તવ્યથી પ્રભાવિત થયા હતા. જ્યારે જિલ્લા ભાજપના પ્રમુખ રણવીરસિંહ ડાભી પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.



## અણસોલ ગામે રેતીમાં આડમાં સંતાડેલ ૫.૯૪ લાખનો વિદેશી દારૂ પકડાયો

અરવલ્લી જિલ્લાના શામળાજી નજીક આવેલા અણસોલ ગામ નજીકથી શામળાજી પોલીસે રેતી ભરેલા ટ્રકની અંદર સંતાડેલો ૫.૯૪ લાખનો ગેરકાયદેસર વગર પાસ પરમિટનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડી ટ્રક ચાલક સહીત અન્ય શખ્સની ધરપકડ કરી દારૂ ભરી આપનાર રાજસ્થાનના બુટલેગરને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. શામળાજી પોલીસે શનિવારે વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરાતા રાજસ્થાન તરફથી રેતી ભરીને આવતી ટ્રક શંકાસ્પદ જણાતા તલાશી લેતા ટ્રકમાં ભરેલી રેતી હટાવતાની સાથે રેતીમાં સંતાડેલો ગેરકાયદેસર વગર પરમિટનો વિદેશી દારૂની પેટી નંગ -૯૯ કુલ બોટલ નંગ-૨૯૮૮ કિંમત રૂપિયા-૫૯૪૦૦૦ જથ્થો ઝડપી પાડી ટ્રકની કિંમત ૧૦ લાખ તથા ૩ મોબાઈલ રૂ. ૧૫૦૦ મળી કુલ પંદર લાખથી વધુનો મુદ્દામાલ ઝડપી પાડી ટ્રક ચાલક રતનસિંહ મોકમસિંહ રાવત, ૩૪ વર્ષ, લક્ષમણસિંહ ખીમસિંહ રાવત, ૪૦ વર્ષને દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દઈ પ્રોહિબિશન હેઠળ ગુન્હો નોંધવામાં આવ્યો છે.

# ખેડબ્રહ્મા તાલુકાની આંગણવાડીઓમાં પોલમપોલ

ખેડબ્રહ્મા, તા. ૧૯

સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મા પંથકમાં ૨૦૭ આંગણવાડી કેન્દ્રો પાછળ વર્ષ દહાડે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવતો હોવા છતાં પણ ખેડબ્રહ્મા તાલુકાના બાળકોમાં કૂપોષણનું પ્રમાણ વધારે જોવા મળે છે. આંગણવાડીઓમાં સમયસર ખુલતી ન હોવાની તો મોટાભાગની આંગણવાડીઓમાં તેડાગર બહેનો જ કામ સંભાળતા હોવાના આક્ષેપો વચ્ચે સી.ડી.પી.ઓ. ફરિયાદ આવશે તો તપાસ કરીશું તેવુ રટણ કરી રહ્યા છે.

આ અંગેની વિગત એવી છે કે સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મા તાલુકામાં ૦ થી ૫ વર્ષના બાળકોને પૌષ્ટિક આહાર, પોષણ અને અક્ષર જ્ઞાન મળે તે માટેના હેતુથી ગામડાઓમાં આંગણવાડી કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા હતા. પરંતુ આઈ.સી.ડી.એસ. વિભાગ દ્વારા સંચાલિત આંગણવાડી કેન્દ્રોમાં પૂરતા પ્રમાણમાં ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવતી ન હોવાની ફરિયાદો વચ્ચે સમયસર આંગણવાડીઓ ખુલતી ન હોવાનું પણ જોવા મળે છે. જેના કારણે ગામડામાં રહેતા નાના બાળકોને પૌષ્ટિક આહાર, દૂધ સહિતની વસ્તુઓથી વંચિત રહેવુ પડે છે. સવારના ૯-૩૦ થી ૩ વાગ્યા સુધી આંગણવાડી કેન્દ્રો ખુલ્લા રાખવાના હોય છે પરંતુ મોટાભાગના કેન્દ્રો આ સમયનું પાલન થતુ ન હોવાનું જોવા મળે છે. બાળકોને દૂધ તેમજ ફળનું વિતરણ કરવાનું હોય છે, પ્રત્યેક સોમવારે અને ગુરૂવારે બાળકોને સફરજન, ચીકુ સહિતના ફ્રુટ તથા ૨૦૦ ગ્રામ દૂધ આપવાના હોય છે પરંતુ આંગણવાડી કેન્દ્રોમાં પૂરતા પ્રમાણમાં ગ્રાન્ટ ન ફળવાતી હોવાને કારણે મોટાભાગના આંગણવાડી કેન્દ્રોમાં આવતા બાળકોને માત્ર સૂકો, લીલો નાસ્તો જ આપવામાં આવે છે. કેટલીક આંગણવાડીની બહેનો તો પોતાના પગારમાંથી ખર્ચ કરીને બાળકોને પૌષ્ટિક આહાર આપે છે. આ અંગે જો ફરિયાદ કરવામાં આવે તો સબસલામત હોવાની વાતો થાય છે .

**સી.ડી.પી.ઓ. શું કહે છે**

આ અંગે ખેડબ્રહ્માના સી.ડી.પી.ઓ. પ્રવિણાબેન રાવલે જણાવ્યુ હતુંકે, હેડ ઓફીસમાંથી પૂરતા પ્રમાણમાં ગ્રાન્ટ સમયસર ચૂકવવામાં આવતી નથી. જેના કારણે દડામણ, શાકભાજી, લાઈટબીલ, મસાલા, ચણા અને તુવરદાળ સહિતના ખર્ચા કરવા પણ મુશ્કેલ બન્યા છે. બાળકોને ગરમ નાસ્તો, સુખડી, દૂધ અને ફ્રુટ આપવાના હોય છે.

## કાયદો અને કાનૂન ● ૪ પાનાનું ચાલુ...

મુકી શકાય નહિ કે લખી શકાશે નહિ. સરકારી મકાન, બિલ્ડીંગો ઉપર ચૂંટણી લક્ષી, ઉમેદવારની જાહેરાત કરતું સાહિત્ય ચોટાડવા કે લખવા બદલ કાર્યવાહી કરવામાં આવશે.

તાજેતરમાં જ ડીજીપીએ પત્ર દ્વારા તાબાના અધિકારીઓ, પોલીસ સ્ટેશનમાં જણાવેલ છે કે જાહેરનામા ભંગની ફરીયાદ સબંધીત અધિકારી દ્વારા માત્ર કોર્ટમાં જ દાખલ થઈ શકશે, પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધી શકાશે નહિ. કોર્ટમાં પુરાવાના તથા સાક્ષીના અભાવે સબંધીત અધિકારી દ્વારા કરવામાં આવેલ ૩૦૦ જેટલી ફરીયાદ નામદાર કોર્ટમાં પેન્ડીંગ છે જે કાઢી નાંખવાની દરખાસ્ત કરવામાં આવેલ છે તથા મેજીસ્ટ્રેટને આવી ફરીયાદો કાઢવા પાવર આપેલ છે જેથી કોર્ટનો સમય બચે તથા વધુ જરૂરી એવા કેસો ચલાવી ન્યાય આપી શકાય. નામદાર કોર્ટના હુકમ મુજબ તમામ મતદાન કેન્દ્રોમાં વીવીપેટ મશીનો દ્વારા જ મતદાન કરાવવાનું રહેશે જેથી મતદાતા પોતાનો મત જે ઉમેદવારને આપ્યો હોય તેની ખરાઈ કરી શકે. મતદાન યાદીમાં પણ તા.૨૫/૧૦/૨૦૧૭ સુધીમાં જરૂરી સુધારાઓ કરી જીલ્લા કલેકટર કચેરીમાં નવી મતદાર યાદી ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

હાઈટેક યુગમાં સોશ્યલ મીડીયા ઉપર પ્રચાર પ્રસારનો મારો વધુ રહેવાનો તેથી સાયબર ક્રાઈમ તથા જાહેરનામા તથા આચાર સહિતા ભંગ બદલ સાયબ ક્રાઈમ મુજબ પણ ફરીયાદોમાં વધારો થઈ શકે છે ખોટું લખાણ પ્રસિધ્ધ કે પબ્લીસ કરવું અસભ્યતાથી સંદેશાઓની આપલે કરી ઉમેદવાર વિરૂધ્ધ પ્રચાર કરતા પહેલા ચેતવું જરૂરી છે. વોટ્સઅપ, ફેસબુક, ટયુટર ઉપર રાજકિય પક્ષો તથા ઉમેદવારો ઉપર કટાક્ષનો મારો ચાલે છે જેના ઉપર પણ પ્રતિબંધ મુકવા જરૂરી કાયદા ઘડવા જોઈએ તેવી માંગ ઉઠી છે.

## અતિતની આજ ● ૪ પાનાનું ચાલુ...

પારસમણિથી પવિત્ર કરાયેલા ૧૪ જેટલા ધારાસભ્યોમાંથી અમુકને ટિકિટ અપાશે. એમાંથી અમુક કપાશે. જોકે, પક્ષમાં પ્રધાનપદાની આશા સાથે જોડાવા ઈચ્છુક શંકરસિંહ વાઘેલાના ધારાસભ્ય-પુત્ર મહેન્દ્રસિંહ વાઘેલા તો રાજ્યસભાની ચૂંટણીમાં અહેમદભાઈ જીતી જતાં બેઉ બાજુથી લટકી ગયા છે. એમને પ્રધાનપદાની ખાતરી અપાઈ હતી. હવે એ વાત તો ટલ્લે ચડી ગઈ અને છોગામાં શંકરસિંહનાં પણ વળતાં પાણી થતાં એમણે 'જનવિકલ્પ' મોરચો રચ્યો એટલે મહેન્દ્રસિંહ ભાજપમાં જઈ શક્યા નથી. હજુ ઉમેદવારોના આખરી ચિત્ર સુધી બેઉ પક્ષમાં આસમાની સુલતાનીનાં દશ્યો સર્જાવાની શક્યતા ખરી. વરવાં દશ્યો પણ સર્જાશે. પક્ષાંતરનો માહોલ પણ જોવા મળશે. જોકે, રાહુલ ગાંધીની ટીમ જે રીતે છેલ્લા કેટલાક સમયથી કાર્યરત રહી છે એ જોતાં થોડા તૂટે તોય એ ગજગામી છે.

ભાજપ તરફથી વિકાસવાદ વિરુદ્ધ વંશવાદનું સૂત્ર વહેતું કરવામાં તો આવ્યું, પણ એ ખાસ્સું બૂમરેંગ થાય એવી રીતે ''યુવરાજ'' રાહુલબાબા ગુજરાતના વિકાસના ફુગ્ગાને એમની જાહેરસભાઓમાં ફોડતા જાય છે. વંશવાદનો બિલ્લો કૉંગ્રેસને ચોંટાડી દેવાની કોશિશો ભાજપ તરફથી સતત થતી રહે છે, છતાં હજુ થોડાંક વર્ષોથી રાજ કરતા ભાજપમાં જે રીતે વંશવાદ ફાટફાટ થયો છે એ જોતાં તો કૉંગ્રેસની જેમ આવતા છ-સાત દાયકા લગી એને શાસનની તક મળે તો પક્ષમાં કેવો પરિવારવાદ કે વંશવાદ છવાઈ જાય એ કલ્પના કરવી પણ મુશ્કેલ છે. અમે તો દેશભરમાં ભાજપી વંશવાદની કેવી બોલબાલા છે એની યાદી બનાવી હતી, પણ ગુજરાત વિધાનસભાની ચૂંટણી નિમિત્તે એમાંથી ગુજરાતમાં ભગવી બ્રિગેડના વંશવાદની એક આછેરી ઝલક જ અહીં રજૂ કરવાનો પ્રયાસ કરીએ.

ભાજપના વંશવાદમાં કૉંગ્રેસમાંથી આયાત કરાયેલા પરિવારવાદ ઉપરાંત સંઘ-જનસંઘ-ભાજપના 'શુદ્ધ' ગોત્રનો વંશવાદ પણ નિહાળવાનું રુચિકર થઈ પડશે. વિધાનસભા ચૂંટણી માટે ટિકિટોની ફાળવણીમાં પણ વંશવાદનાં દર્શન જરૂર થવાનાં. અગાઉ ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં પણ ભ્રષ્ટાચારશિરોમણિ એવા કૉંગ્રેસી નેતાઓને ભાજપી પારસમણિએ વાલિયામાંથી વાલ્મીકિ બનાવ્યાનો દાવો કરવામાં સત્તા પક્ષને કોઈ સંકોચ થયો નથી.

અગાઉ ભાજપ સરકારમાં પ્રધાન રહેલા સૌરાષ્ટ્રના પ્રભાવી પટેલ આગેવાન વિઠ્ઠલ રાદડિયા છેલ્લે કૉંગ્રેસના સાંસદ હતા; એ વેળા મુખ્યપ્રધાન મોદી થકી એમના માટે ગેંગસ્ટર-ગુંડા કે અસામાજિક તત્વ જેવાં વિશેષણ વપરાયાં હતાં. રાદડિયાએ ભાજપ સાથે ઘર માંડ્યું એટલે ભાજપના સાંસદ બન્યા, પુત્ર જયેશ રાદડિયા ભાજપી ધારાસભ્ય જ નહીં, સીધા કેબિનેટ પ્રધાન બન્યા. સંઘનિષ્ઠ શંકરભાઈ ચૌધરી વર્ષોથી કેબિનેટ પ્રધાનનું પ્રમોશન ઝંખે છે, પણ હજુ એ રાજ્યપ્રધાન જ રહ્યા છે. ભૂતપૂર્વ મુખ્યપ્રધાન કેશુભાઈ પટેલના પુત્ર ભરત પટેલ ભાજપી ઉમેદવાર તરીકે બાપાની બેઠક લડ્યા, પણ હાર્યા. ફરી નસીબ અજમાવવા માંગે છે. ભૂતપૂર્વ મુખ્યપ્રધાન આનંદીબહેન પટેલ અને એમના પતિ ડૉ. મફતલાલ પટેલ બેઉનું ગોત્ર તો કૉંગ્રેસ સેવાદળ (મફતલાલના કહેવા મુજબ). ભાજપમાં આવીને અનુક્રમે પ્રધાનપદ અને જિલ્લા પંચાયતમાં ઉપપ્રમુખપદ ભોગવ્યું. હવે એમની દીકરી અનાર કે દીકરા સંજયને ચૂંટણી લડવાના અભરખા ખરા. સુરતના ધારાસભ્ય અને પ્રધાન હેમંત ચપટવાલાનું નિધન થયું ત્યારે એમનાં પત્ની શ્રીમતી ભાવનાબહેન ચપટવાલા ભાજપી ધારાસભ્ય થયાં હતાં. પ્રધાન સવજી કોરાટના મૃત્યુ પછી એમનાં પત્ની જશુબહેન કોરાટ પણ પ્રધાન રહ્યાં. ગૃહ રાજ્યપ્રધાન રહેલા સ્વ. હરેન પંડ્યાનાં પત્ની જાગૃતિ પંડ્યાને રાજ્યમાં બૉર્ડનાં અધ્યક્ષ બનાવાયાં છે અને એમણે ય વિધાનસભ્ય બનવું છે. જૂના ભાજપી નેતા સૂર્યકાંત આચાર્યનાં પત્ની હેમાબહેન આચાર્ય રાજ્યનાં આરોગ્યપ્રધાન રહ્યાં. જનસંઘના પહેલા ધારાસભ્ય ચીમનભાઈ શુક્લના બેઉ દીકરા પણ ભાજપી અગ્રણી ખરા, પણ હમણાં એમના દીકરી કાશ્મીરાબહેન નથવાણી કૉંગ્રેસ છોડીને ભાજપમાં આવ્યાં. બહુચર્ચિત કોળી આગેવાન અને પ્રધાન પરસોત્તમ સોલંકીના ભાઈ હીરા સોલંકી પણ સંસદીય સચિવ છે. હમણાં કૉંગ્રેસમાંથી ભાજપમાં આવેલા ગાંધીનગર જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ હરિભાઈ ચૌધરીના પુત્ર અમિત ચૌધરી માણસાના ધારાસભ્ય છે.

આજીવન કૉંગ્રેસી ધારાસભ્ય રહેલા સ્વ. પ્રધાન શંકરજી ઓખાજી ઠાકોરના પુત્ર ભરત ડાભી ભાજપી ધારાસભ્ય અને સંસદીય સચિવ છે.

કેબિનેટ પ્રધાન અને વિધાનસભા અધ્યક્ષ રહેલા સ્વ. અશોક ભટ્ટના પુત્ર ભૂષણ ભટ્ટ ધારાસભ્ય છે. કૉંગ્રેસના ધારાસભ્ય રહેલા બેચરભાઈ બારાનાં દીકરી વારંવાર ભાજપની ટિકિટ પર ધારાસભા લડતાં રહ્યાં છે. એમનું નામ રમીલાબહેન બારા. ચાર વખત કૉંગ્રેસના ધારાસભ્ય રહેલા હેમંત માડમનાં દીકરી પૂનમ માડમ ભાજપી સાંસદ છે. ભાજપી સાંસદ અને પૂર્વ પ્રધાન પ્રભાતસિંહ ચૌહાણના બહુચર્ચિત પુત્ર પ્રવીણ ચૌહાણ ભાજપ અને કૉંગ્રેસ વચ્ચે હેરાફેરી કરતા રહ્યા છે. ભાજપી પ્રધાન રહેલા રણજિતસિંહ ચાવડાના પુત્ર રાજેન્દ્રસિંહ કૉંગ્રેસ અને હવે ભાજપના ધારાસભ્ય છે. પ્રધાન જશા બારડના પુત્ર દિલીપ બારડ પાલિકા પ્રમુખ રહ્યા. હવે એમનાં પત્ની ઉજીબહેન દિલીપ બારડ છે. પાંચ મુદત માટે કૉંગ્રેસના ધારસભ્ય રહેલા નાગરભાઈ વસાવાના પુત્ર પરભુભાઈ વસાવા ભાજપના સાંસદ છે. કૉંગ્રેસી ગોત્રનાં ભાજપી ધારાસભ્ય ડૉ.નીમાબહેન આચાર્યના પતિ ભાવેશ આચાર્ય ગાંધીધામ મ્યુનિસિપાલિટીના પ્રમુખ રહ્યા. ભાજપી નેતા અને ગુજરાત કો-ઑપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનના પૂર્વ અધ્યક્ષ પરથી ભટોળના પુત્ર વસંત ભટોળ પણ ભાજપી ધારાસભ્ય રહ્યા. કૉંગ્રેસી ગોત્રના ભાજપી સાંસદ લીલાધર વાઘેલાના પુત્ર દિલીપ વાઘેલા ધારાસભાની ચૂંટણી ભાજપની ટિકિટ પર લડ્યા અને હાર્યા હતા. જૂના કૉંગ્રેસી અને ભાજપી મંત્રી રહેલા મેમાભાઈ પટેલનો દીકરો જતશી પટેલ બનાસકાંઠા જિલ્લા પંચાયતમાં ભાજપનો ડેલિગેટ રહ્યો. દિયોદરના ધારાસભ્ય રહેલા માનસિંહજી વાઘેલા કૉંગ્રેસમાંથી ભાજપમાં આવ્યા અને એમના પુત્ર ગિરિરાજસિંહ અત્યારે સરપંચ છે, અગાઉ ગિરિરાજ તાલુકા પંચાયતમાં ભાજપના ચૂંટાયેલા સભ્ય હતા.... આ તો એક આછેરી ઝલક છે. રાજ્યની ભાજપી વંશવાદની યાદી બનાવવા બેસીએ તો પુસ્તિકા થાય એટલાં નામનો સમાવેશ કરવો પડે. કૉંગ્રેસના દાયકાઓના વંશવાદના વિક્રમને ભાજપ ખૂબ જલદી તોડવા ઝંખે છે ! બેઠક જીતી આપવાની ક્ષમતાને પરિવારવાદમાં સીમિત કરવાનું ભાજપને પણ કોઠે પડી ગયું છે.

- haridesai@gmail.com